જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૯/૨૦૧૪ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી ૨૨૫૮/૧૪</u>

## કૌટુંબીક ભાભીનુ મોંત નિપજાવી છેલ્લા દોઢ વર્ષથી નાશતા ફરતા ઉત્તરપ્રદેશના ગુન્હાના આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શનથી મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચના મુજબ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કિરણ પટેલની ટીમના પોલીસ સબ ઇન્સ્પેક્ટર રાજેશ સુવેરા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરમાં બનેલ મિલકત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ચોકક્સ બાતમી આધારે જિલ્લો ફતેપુર યુ.પી.ના લલૌલી પોલીસ સ્ટેશનમાં દોઢેક વર્ષ અગાઉ બનેલ ગુન્હાના વૉન્ટેડ આરોપી જયકરણ ઉર્ફે રાજેશ S/O ગયાપ્રસાદ રામનાથ કેવટ (મલ્લાહ) રહે.હાલ ઉનપાટીયા, તળાવ પાસે, સચિન જી.આઇ.ડી.સી.પાસે સુરત શહેર મુળ વતન ગામ કોરાકનક, થાના લલૌલી, રાફી કા ડેરા, તા.જી.ફતેપુર ઉત્તરપ્રદેશ નાને પકડી પાડેલ છે.

સદર ઇસમની ગુન્હા સંબંધે સઘન પુછ પરછ કરતાં આજથી આશરે પોણા બે વર્ષ અગાઉ રાત્રીના સુમારે પોતાના વતનમાં તેની પત્ની સાથે અન્ય પુરુષને સુતેલી જોઇ ગયેલ જેથી તેને ગુસ્સો આવતાં માર મારેલ અને તેની પત્નીથી તેને જાણવા મળેલ કે, પોતાના લગ્ન થયે ૧૩ વર્ષ જેટલો સમય થયેલહોવા છતાં કોઇ સંતાન નહોય જેથી પડોશમાં રહેતી પોતાની કૌટુંબીક ભાભી કુલનદેવીએ તારા પતિમાં ખામી છે જેથી તારે સંતાન થતુ નથી જેથી બીજા પુરુષ સાથે સંબંધ બોંધવાથી સંતાન થશે તેમ જણાવી પડોશમાં રહેતાં અમરજીત કેવટ સાથે સંપર્ક કરાવેલ તે હકિકતની જાણ થતાં અને આ બનાવ બાદ તેની પત્ની ને લઇને આ કુલનદેવી પણ અલીગઢ બાજુ જતી રહેલી અને પંદરેક દિવસ બાદ તે બંનેનો પત્તો લાગતાં કુલનદેવીએ આ આરોપી રામકરણની પત્નીને લઇને પરત આવેલ જેથી આ બાબતની અદાવત રાખી આ ઇસમે કુલનદેવી સાથે બદલો લેવા મનોમન નકકી કરેલ અને તે પછી પણ આ કુલનદેવી તેને અવાર નવાર મ્હેણાં ટોણાં મારતી હતી કે “તારી પત્નીને પરત બોલાવી દે અને થોડીઘણી ઇજ્જત વધી છે તે પણ બચાવી લે” તેમ કહેતી હતી.

આજથી દોઢેક વર્ષ અગાઉ રાત્રીના સમયે આ કુલનદેવીએ આ રામકરણને મ્હેણાં ટોણાં મારેલ જેથી તેણે ઉશ્કેરાઇ જઇ અગાઉ ની અદાવત રાખી આ કુલનદેવીના માથામાં તથા શરીરે ઉપરા છાપરી છ થી સાત ઇંટો મારી ગંભીર ઇજાઓ પહોંચાડી

ત્યાંથી કોઇને જાણ કર્યા વગર સુરત નાશી ગયેલ અને જ્યાં પોતાનુ નામ સુરેશ રાખી રહેતો હતો. અને આ ફુલનદેવીનુ મોંત નિપજતાં તે બાબતે લલૌલી પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ જે ગુન્હામાં તે ઘણા સમયથી નાશતો ફરતો હતો અને ઉત્તરપ્રદેશ પોલીસ તેને ઘણા સમયથી શોધતી હતી પરંતુ તે મળી આવતો નહતો જેથી તેના ઉપર ઉત્તરપ્રદેશ પોલીસે ઇનામ પણ જાહેર કરેલ હતુ જેથી સદરી આરોપીને ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડી ઉત્તરપ્રદેશની પોલીસને સોંપવા તજવીજ કરેલ છે.

આ આરોપીની સઘન પુછ પરછ કરતાં તે સુરત શહેરમાં રહેતો હતો તે દરમ્યાન અવાર નવાર અમદાવાદ આવી તેના સાગરીતો સાથે મળી અમદાવાદ શહેરમાં જી.આઇ.ડી.સી. વિસ્તારમાં ફેકટરીઓમાં પડેલ ભંગારની નાની મોટીઓ ચોરીઓ કરી પરત સુરત ભાગી જતો હતો અને અગાઉ ઓઢવ પોલીસના હાથે પકડાઇ ગયેલ હોવાનીકેફીયત આપેલ હોય જેથી તે આ ગુન્હા સિવાય અન્ય કોઇ ગુન્હાઓમાં સંડોવાયેલ છે કે કેમ તે દિશામાં તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.